# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Re-Accredited

**Grade A** by NAAC

**(CGPA 3.05)**

## સિન્ડિકેટની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ

## તા.૦૧/૦૮/૨૦૧૮

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫

**SAURASHTRA UNIVERSITY**
University Campus, University Road,
Rajkot – 360 005
PHONE : (0281) 2578501 / FAX : (0281) 2586983

Re-Accredited Grade "A" by NAAC

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિન્ડિકેટની ઓગસ્ટ માસની સામાન્ય સભા તા.૦૧/૦૮/૨૦૧૮ ને બુધવારના રોજ સવારના ૧૧:૩૦ કલાકે, સિન્ડિકેટ મીટીંગરૂમ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે મળેલ, જેમાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજર/ગેરહાજર |
|---|---|---|
| ૧. | ડૉ. નિલાંબરીબેન દવે -કુલપતિશ્રી | હાજર |
| ૨. | ઉપકુલપતિશ્રી | ---- ખાલી ---- |
| ૩. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી | ગેરહાજર |
| ૪. | નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ | ગેરહાજર |
| ૫. | નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ તથા તબીબી શિક્ષણ | ગેરહાજર |
| ૬. | પ્રિ. ડૉ. ધરમભાઇ ડી. કાંબલીયા | ગેરહાજર |
| ૭. | પ્રિ. ડૉ. વિજયભાઈ કે. પટેલ | હાજર |
| ૮. | ડૉ. મેહુલભાઈ પી. રૂપાણી | હાજર |
| ૯. | ડૉ. પ્રફુલ્લાબેન જે. રાવલ | હાજર |
| ૧૦. | ડૉ. ભાવિનભાઈ એસ. કોઠારી | હાજર |
| ૧૧. | ડૉ. પ્રતાપસિંહ એલ. ચૌહાણ | હાજર |
| ૧૨. | શ્રી હરદેવસિંહ ડી. જાડેજા | હાજર |
| ૧૩. | ડૉ. ગીરીશભાઈ સી. ભીમાણી | હાજર |
| ૧૪. | ડૉ. નેહલભાઈ સી. શુકલ | હાજર |
| ૧૫. | ડૉ. અનિરૂદ્ધસિંહ પઢીયાર | હાજર |
| ૧૬. | ડૉ. વિમલભાઈ પરમાર | હાજર |
| ૧૭. | ડૉ. ભરતભાઈ રામાનુજ | હાજર |
| ૧૮. | શ્રી ભરતભાઈ ઝવેરભાઈ વેકરીયા | ગેરહાજર |
| ૧૯. | ડૉ. વિજયભાઈ એન. દેસાણી | હાજર |
| ૨૦. | ડૉ. પ્રવિણસિંહ આર. ચૌહાણ | હાજર |

૧ સિન્ડિકેટ — સિન્ડિકેટની તા.૨૫/૦૬/૨૦૧૮ની મીનીટ્સ મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૨૫/૦૬/૨૦૧૮ની મીનીટ્સ મંજૂર કરવામાં આવી અને માન.કુલપતિશ્રીએ તેના પર સહી કરી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે જે સમિતિઓની રચના થઈ છે તેની વિગતો અને જેની રચના થવાની બાકી છે તેની વિગતો સભ્યશ્રીઓને આપવી.**

૨ સિન્ડિકેટ — સિન્ડિકેટની તા.૦૨/૦૭/૨૦૧૮ની મીનીટ્સ મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૦૨/૦૭/૨૦૧૮ની મીનીટ્સ મંજૂર કરવામાં આવી અને માન.કુલપતિશ્રીએ તેના પર સહી કરી.**

3 સિન્ડિકેટ — સિન્ડિકેટની તા.૧૩/03/૨૦૧૮ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૧૩/03/૨૦૧૮ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવી.**

**(નોંધ : કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ પરિશિષ્ટ "૦૧" તરીકે આ સાથે સામેલ છે.)**

૪ સિન્ડિકેટ — સિન્ડિકેટની તા.૨૫/૦૬/૨૦૧૮ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૨૫/૦૬/૨૦૧૮ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવી.**

**(નોંધ : કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ પરિશિષ્ટ "૦૨" તરીકે આ સાથે સામેલ છે.)**

૫ સિન્ડિકેટ — સિન્ડિકેટની તા.૦૨/૦૭/૨૦૧૮ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૦૨/૦૭/૨૦૧૮ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવી.**

**(નોંધ : કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ પરિશિષ્ટ "03" તરીકે આ સાથે સામેલ છે.)**

૬ એકેડેમિક એમ.ફીલ./પીએચ.ડી. કોર્ષ વર્કના કોમન અભ્યાસક્રમો યુ.જી.સી. એમ.ફીલ./પીએચ.ડી. રેગ્યુલેશન તા.૦૫/૦૫/૨૦૧૬ મુજબ તૈયાર કરવા અંગે માન. કુલપતિશ્રી દ્વારા નિયુક્ત કરવામાં આવેલ યુનિવર્સિટીનાં સર્વે ભવનોના અધ્યક્ષશ્રીઓની તા.૦૯/૦૭/૨૦૧૮ના રોજ મળેલ સભાની કાર્યવાહી નોંધ પરત્વે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં યુનિવર્સિટીનાં સર્વે ભવનોના અધ્યક્ષશ્રીઓની તા.૦૯/૦૭/૨૦૧૮ના રોજ મળેલ સભાની કાર્યવાહી નોંધ મંજુર કરવી.**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૦૪" તરીકે આ સાથે સામેલ છે)**

૭ ઓડિટ એમ.ફીલ. નાં ડેઝરટેશનનાં વાયવા વોસ માટે આવનાર બાહ્ય પરીક્ષકની કામગીરી પણ પીએચ.ડી. નાં બાહ્ય પરીક્ષક જેવી જ હોય તેનાં સમકક્ષ એમ.ફીલ. નાં પરીક્ષકોને પણ યુનિવર્સિટીનાં ઓ.૧૮૩ મુજબ ટી.એ.ડી.એ. અને પીએચ.ડી. વાયવા માટે મળતું માનદ મહેનતાણું રૂ.૧૦૦૦/- મળવા ભલામણ કરતા ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખાના પત્ર પર વિચારણા કરી ઓ.૧૮૩-૧ (૭) એ-૧ તરીકે “Examiner for M.Phil. (Science) vive voce” ઉમેરવા વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે એમ. ફીલ (તમામ) નાં ડેઝરટેશનનાં વાયવા વોસ માટે આવનાર બાહ્ય પરીક્ષકોને ટીએડીએ તથા માંડ મહેનતાણું રૂ઼. ૧૦૦૦/- હાલના પીએચ.ડી. નાં ડેઝરટેશનનાં વાયવા વોસ માટેની જોગવાઈ મુજબ આપવું અને નીચે દર્શાવેલ મુજબ ઓર્ડી.૧૮૩ માં ઉમેરો કરવા સેનેટને ભલામણ કરવી.**

**આથી ઠરાવવામાં આવે છે કે એમ. ફીલ (તમામ) નાં ડેઝરટેશનનાં વાયવા વોસ માટેનાં માનદ મહેનતાણું રૂ઼. ૧૦૦૦/-થી વધારીને રૂ઼. ૧૫૦૦/- કરવું તથા યુનિવર્સિટીનાં પી. જી. ડીપાર્ટમેન્ટ ખાતેનાં કોર્ષની પ્રેક્ટીકલ/ વાયવા પરીક્ષાઓ માટે આવતા પરીક્ષકોને જો તેઓ કાર/ટેક્ષીમાં મુસાફરી કરે તો કારના માઈલેજ રેટ મુજબ ટીએ આપવું અને તે માટે નીચેની વિગતે ઓર્ડીનન્સ ૧૮૩ માં સુધારા વધારા કરવા સેનેટને ભલામણ કરવી.**

| sr. no | Cate gory | | | Travel by Air | Travel by Rail | Travel by Road | DA | Honorarium/ other Remuneration Existing rate | Modified Rate |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | 7(a) | External referees coming for Viva Voce at doctorate level | do | do | do | 300 | Rs. 1000/- for conducting viva | Rs. 1500/- for conducting viva |

| New Added | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | 7 (a) 1 | Ext. Examiner for M.Phil. Viva Voce | ---- | do | do | 300 | ----- | Rs. 1000 /- per day |

| sr. no | Cate gory | | Travel by Air | Travel by Rail | Travel by Road | DA | Honorarium/ other Remuneration |
|---|---|---|---|---|---|---|---|
| | 5(c) | External Examiner coming for Practical/ Viva Voce for all master course at University Department | NA | do | do (Traveling by car /taxi full mileage rate as per norms) | 200/- | ------------ |

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ભવનનાં પીએચ.ડી.નાં બધા વિદ્યાર્થીઓની RAC એક સાથે થાય તે માટે અધ્યક્ષશ્રીએ RACનું આયોજન કરવું.**

૮ મહેકમ-અ

યુનિવર્સિટીનાં નેનોસાયન્સ એન્ડ એડવાન્સડ મટિરિયલ્સ અનુસ્નાતક ભવનમાં "વોક ઇન ઇન્ટરવ્યુ" દ્વારા કરાર આધારિત આસિસ્ટન્ટ પ્રોફેસર (વ્યાખ્યાતા સહાયક) ૧૧ માસ માટે રૂા ૨૫,૦૦૦ નાં ફિક્સ વેતનથી નિમણુંક કરવા માટે મળેલી વરણી સમિતિની બેઠકમાં પસંદ થયેલા ઉમેદવારોને સિન્ડીકેટની બહાલીની અપેક્ષાએ નિમણુંક આદેશ આપ્યા અંગેનાં માનનીય કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવા બાબત.

| ક્રમ | ભવનનું નામ | જાહેરાત આપ્યા તારીખ | વરણી સમિતિની તારીખ | પસંદ થયેલ ઉમેદવારનું નામ | પગાર ધોરણ |
|---|---|---|---|---|---|
| ૧ | નેનોસાયન્સ એન્ડ એડવાન્સડ મટિરિયલ્સ | તા.૦૪/૦૬/૨૦૧૮ | તા.૧૫/૦૬/૨૦૧૮ | (૧) ડૉ.તેજસ એમ.ટાંક | રૂા ૨૫,૦૦૦/- ફિક્સ |
| | | | | (૨) ડૉ. સદ્દાફ એ.જેઠવા | રૂા ૨૫,૦૦૦/- ફિક્સ |

(નોંધ :- નેનોસાયન્સ એન્ડ એડવાન્સડ મટિરિયલ્સ અનુસ્નાતક ભવન કરાર આધારીત આસીસ્ટન્ટ પ્રોફેસર (વ્યાખ્યાતા સહાયક) ની જગ્યા ભરવા માટે ઉપર્યુક્ત વિગતે "વોક ઇન ઇન્ટરવ્યુ" ગોઠવવામાં આવેલ. વરણી સમિતિની ભલામણ મુજબ રૂા ૨૫,૦૦૦/- નાં ફિક્સ વેતનથી આ જગ્યાઓ ભરવા માટે ઉમેદવારની પસંદગી કરવામાં આવેલ હતી, સિન્ડીકેટની તા.૨૫/૦૬/૨૦૧૮ ની સભાના ઠરાવ ક્રમાંક ૯ થી ઠરાવ્યા મુજબ વરણી સમિતિની મિનટ્સ સિન્ડીકેટ સમક્ષ મુકવાની રહે છે પરંતુ નેનોસાયન્સ એન્ડ એડવાન્સડ મટિરિયલ્સ અનુસ્નાતક ભવનમાં વરણી સમિતિની બેઠક તા.૧૫/૦૬/૨૦૧૮ ના રોજ મળેલ હોય જેથી માનનીય કુલપતિશ્રીનાં આદેશ મુજબ નિમણુંક પત્રો રવાના કરેલ છે. જેને બહાલી આપવાની રહે છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માન.કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટની તા.૨૫/૦૬/૨૦૧૮નાં ઠરાવ ક્રમાંક ૦૬ અને ૦૯ માં થયેલ ઠરાવ અનુસાર કાર્યવાહી કરી આવશ્યકતા અનુસાર સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ નિમણુંક આદેશ આપવા માન.કુલપતિશ્રીએ નિર્ણય કરવો.**

૯ જોડાણ — યુનિવર્સિટી સંલગ્ન કોલેજો પાસેથી ઓર્ડીનન્સ ૧૪૪ મુજબ પ્રતિ વર્ષ જોડાણ ફી તથા અન્ય પ્રકારની ફી લેવામાં આવે છે. સરકારશ્રીના કાયદા મુજબ જોડાણ ફી તથા અન્ય પ્રકારની ફી જે સંસ્થા પાસેથી લેવામાં આવે છે તે પર ૧૮% જી.એસ.ટી. વસુલવાનો થાય છે. જે પરત્વે વિચારણા થવા તથા ઓર્ડીનન્સ ૧૪૪-સી માં યથાસ્થાને સુધારો થવા બાબત.

૧. અત્રેની યુનિવર્સિટીનાં તા.૨૦/૦૭/૨૦૧૮ નાં પરિપત્ર ક્રમાંક : હિસાબ/૩૪/૨૦૧૮ મુજબ યુનિવર્સિટીમાં જી.એસ.ટી. લાગુ પાડવામાં આવેલ છે.

૨. અત્રેની યુનિવર્સિટીનાં તા.૧૫/૦૬/૨૦૧૮ નાં પત્ર ક્રમાંક : હિસાબ/૧૯/૨૦૧૮ મુજબ જી.એસ.ટી. વસુલવા અંગે ઓર્ડીનન્સમાં સુધારો કરવાનો થાય છે.

૩. અત્રેની યુનિવર્સિટીનાં તા.૦૩/૦૭/૨૦૧૮ નાં પત્ર ક્રમાંક : હિસાબ/૦૫/૨૦૧૮ મુજબ જી.એસ.ટી. ૧૮% વસુલ કરવાનો થાય છે.

૪. બાબત માન્ય રહે તો જી.એસ.ટી. કઈ તારીખથી અમલમાં આવશે તે પણ નિયત કરવાની રહે છે.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબત હાલ મુલત્વી રાખવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતે વિસ્તૃત માહિતી મેળવી તથા અન્ય યુનિવર્સિટીઓમાં અનુસરવામાં આવતી પ્રક્રિયાની માહિતી મેળવી સિન્ડિકેટમાં બાબત રજૂ કરવી.**

૧૦ જોડાણ — સરકારશ્રીનાં શિક્ષણ વિભાગના તા.૧૬/૦૫/૨૦૧૮નાં પત્રક્રમાંક: ચજન-૧૦૨૦૦૧-૨૮-પાર્ટ-૧-ખ-૧ થી અત્રેની યુનિવર્સિટીને નીચે મુજબની વિગતે કાર્યવાહી થવા જણાવવામાં આવેલ છે.

(૧) યુનિવર્સિટીનાં એક્ટ, સ્ટેચ્યુટ, ઓર્ડીનન્સ મુજબ સ્થાનિક તપાસ સમિતીની રચના કરવામાં આવે છે જેમાં નિયુક્ત સભ્યો પૈકી અડધા સભ્યો જ મુલાકાત લેતા નથી તેઓ નાં રીમાર્કસ અહેવાલમાં હોતા નથી.

(૨) સ્થાનિક તપાસ સમિતી જ્યારે જે તે સંસ્થાની મુલાકાત લે ત્યારે તે સંસ્થાની વિગતોની પુરતી ચકાસણી કરી મહત્તમ સભ્યો શક્ય હોય તો તમામ સભ્યો તેઓના મંતવ્યો સાથેનો અહેવાલ રાજ્ય સરકારને રજૂ કરે તે જરૂરી હોવાથી તે મુજબ ની આનુસાંગિક સૂચનાઓ યુનિવર્સિટી કક્ષાએ થી બહાર પાડવાની થાય છે.

**આથી ઠરાવવામાં આવે છે કે સરકારશ્રીનાં શિક્ષણ વિભાગના ઉક્ત પત્રની નોંધ લેવામાં આવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે Offline LIC રીપોર્ટ માટે દરેક ફેકલ્ટીનાં ડીનશ્રી એ એલ.આઈ.સી. ફોર્મનાં ફોર્મેટ બનાવવા.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે આ એલ.આઈ.સી. ફોર્મનાં ફોર્મેટ તા.૩૧/૦૮/૨૦૧૮ સુધીમાં સબમિટ કરવા.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે Offline LIC રીપોર્ટ ભર્યા બાદ વેબસાઈટ પર અપલોડ કરવા.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતનો વર્ષ ૨૦૧૯થી અમલ કરવો.**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૦૫" તરીકે આ સાથે સામેલ છે)**

૧૧ આઈ.ક્યુ. એ.સી. — શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક પરચ/૨૦૧૬/નાં.સ...૯૧૧-ઉ.શિ. તા.૧૯/૦૬/૨૦૧૮ અંગે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક પરચ/૨૦૧૬/નાં.સ...૯૧૧-ઉ.શિ. તા.૧૯/૦૬/૨૦૧૮નાં પત્ર અન્વયે માન. રાજ્યપાલશ્રીના અધ્યક્ષસ્થાને યોજાએલ રાજ્યની યુનિવર્સિટીઓનાં કુલપતિશ્રીઓની કોન્ફરન્સ પરત્વેના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવેલ.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ફીનીસીંગ સ્કુલ માટે કમિટિની રચના કરવામાં આવી. જેમાં સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ.વિજયભાઈ પટેલ, ડૉ. મેહુલભાઈ રૂપાણી તથા ડૉ. ભરતભાઈ રામાનુજની નિયુક્તિ કરવામાં આવેલ.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે રીસર્ચ ઈન સોશ્યલ ઈમ્પેક્ટ માટે સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. વિમલભાઈ પરમારની નિયુક્તિ કરવામાં આવેલ.**

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી અંતર્ગત શ્રી સદગુરૂદેવ, શ્રી નમ્રમુની મહારાજ અને પૂ. રમેશભાઈ ઓઝાને ઉચ્ચ શિક્ષણમાં મોરલ/વેલ્યુ બેઈઝ એજ્યુકેશન માટે માર્ગદર્શન અર્થે બોલાવવા અને તે માટે કાર્યવાહી હાથ ધરવા કમિટિની રચના કરવામાં આવી. જે કમિટિમાં સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. મેહુલભાઈ રૂપાણી તથા ડૉ. વિજયભાઈ દેસાણીની નિયુક્તિ કરવામાં આવેલ.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીનાં ભાગરૂપે Richard Attenborough's નિર્દેશિત ગાંધીજીની ફિલ્મ બધી કોલેજોમાં બતાવવી, ગાંધી મારી દ્રષ્ટિએ વિષય પર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવું, ખાદીનું એક્ઝીબીશન યુનિવર્સિટી કેમ્પસ ખાતે યોજવા માટેનું આયોજન કરવું. યુનિવર્સિટી દ્વારા તા.૦૨ ઓક્ટોબરને "ખાદી દિવસ" તરીકે ઉજવણી કરી સંબંધિત સર્વે દ્વારા તે દિવસે ખાદીનો ઉપયોગ કરવામાં આવે તેવું આયોજન કરવું.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે બી.કોમ./બી.એ./બી.એસસી.માં સ્કીલ બેઈઝ્ડ વિષયો દાખલ કરવા અને વર્કલોડમાં ગણાય તે માટે આયોજન કરવું અને યુનિવર્સિટી દ્વારા બજેટ ફાળવીને યુનિવર્સિટી કક્ષાએ અધ્યાપકોની તાલીમ માટે એક એક વીકનાં કાર્યક્રમો કરવા.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યક્ષેત્રમાં આવતા જીલ્લાઓમાંથી દરેકમાંથી ઓછામાં ઓછા એક મુજબ ૦૫ ગામ દત્તક લેવા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વિસ્તારમાં જુદાં-જુદાં ગામો આઈડેન્ટિફાઈ કરવા માટે કમિટિની રચના કરવામાં આવેલ. જેમાં (૧) ડૉ. અનિરૂદ્ધસિંહ પઢિયાર, (૨) ડૉ. પ્રવિણસિંહ ચૌહાણ, (૩) ડૉ વિમલભાઈ પરમાર, (૪) ડૉ. ધરમભાઈ કામ્બલીયા અને (૫) શ્રી ભરતભાઈ વેકરીયાની નિયુક્તિ કરવામાં આવેલ.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે એજ્યુકેશન ફોર ઓલ વિષય અંતર્ગત જેલમાં કાર્યક્રમો યોજવા અને તે માટે કમિટિની રચના કરવામાં આવેલ. જેમાં સિન્ડિકેટ સભ્યશ્રી (૧) ડૉ. જી.સી.ભીમાણી, (૨) ડૉ. ભરતભાઈ રામાનુજ, (૩) પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ અને (૪) ડૉ. વિમલભાઈ પરમારની સર્વાનુમતે નિયુક્તિ કરવામાં આવેલ.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે વેલ્યુ એજ્યુકેશન અંતર્ગત દરેક ભવનમાં મહિને એક પ્રવૃત્તિ કરવી તેમજ એફ.ડી.પી. અને એસ.ડી.પી.માં મોરલ/વેલ્યુ બેઈઝ કાર્યક્રમોનું આયોજન કરવું અને સારા પુસ્તકો વિદ્યાર્થીઓ સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવું.

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે એસ.ડી.પી.માં મોરલ/વેલ્યુ બેઈઝ કાર્યક્રમો માટે જુદાં-જુદાં ટોપિક આઈડેન્ટિફાઈ કરી તેનાં કાર્યક્રમો યુનિવર્સિટી કાર્યક્ષેત્રનાં જુદાં-જુદાં જીલ્લા મથકોએ કરવા.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે પોલીટીકલ અને સોશ્યલ ઈન્ટરેકશન (યુથ પાર્લામેન્ટ)નું આયોજન કરવું. આ માટેની કમિટિમાં સિન્ડિકેટ સભ્યશ્રી (૧) ડૉ. નેહલભાઈ શુકલ અને (૨) ડૉ. અનિરૂદ્ધસિંહ પઢિયારની નિયુક્તિ કરવામાં આવેલ.**

| | |
|---|---|
| ૧૨<br>પરીક્ષા-૫ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સંલગ્ન કોલેજ રાજકોટ નાં બી.એચ.એમ.એસ. IV Year પરીક્ષા એપ્રિલ-૨૦૧૫નાં વિદ્યાર્થી ઢોલુ ભાવનાબેન હિરાલાલ સીટનં-૧૧૪, જાન્યુ-૨૦૧૭ નાં રોજ તેમજ જુલાઈ-૨૦૧૫ નાં વિદ્યાર્થી શ્રી ભાલીયા શૈલેશ મનસુખભાઈ  સીટનં.-૩૮ તથા ઓગસ્ટ-૨૦૧૬ તથા વિદ્યાર્થી શ્રી ચારીયા પ્રશાંત ડાયાભાઈ સીટનં.-૧૪૬, બન્ને વિદ્યાર્થીઓને તા.૨૫/03/૨૦૧૮ નાં રોજ સેનેટ સભામાં પદવીઓ એનાયત કરવામાં આવેલ હતી. પરંતુ તે ત્રણેય વિદ્યાર્થીઓ નાં પરિણામ રદ થતા પદવી પ્રમાણપત્ર રદ કરવાના થાય છે. |

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત ત્રણેય વિદ્યાર્થીઓના પદવી પ્રમાણપત્ર રદ્દ કરવા.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે આ પ્રકારનાં અન્ય કોઈ કિસ્સા બાકી રહી જતા હોય તો તે પણ રદ્દ કરવા અને નોંધ અર્થે સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવા.**

| | |
|---|---|
| ૧૩<br>મહેકમ-બ | શ્રી દાનેવારીયા અને અન્ય સંદર્ભે નામદાર હાઇકોર્ટના *SCA 3615/2014* ના ચુકાદા સામે *Misc Civil Application No.3065 of 2017* કેસ બાબતે સરકારશ્રીના શિક્ષણ વિભાગ તરફથી આવેલ તા.૧૭/૦૭/૨૦૧૮નો પત્ર નં.સરચ/૨૩૧૭/૧૪૪/ખ-૨ અંગે વિચારણા કરવા બાબત.<br>(ઉક્ત પત્ર પરિશિસ્ટ તરીકે આ સાથે સામેલ છે) |

નોંધ:- (૧) સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૧૧/૦૬/૨૦૧૮ના પત્ર નં.સરચ/૨૩૧૭/૧૪૪/ખ-૨ થી આ યુનિવર્સિટીને આદેશ કરવામાં આવેલ હતો કે શ્રી દાનેવારીયા તથા અન્યોને નામદાર હાઇકોર્ટના ચુકાદા મુજબ યુનિવર્સિટી દ્વારા જ ચુકવણું કરવા અને તેનો અમલ દિન-3 માં કરીને શિક્ષણ વિભાગને જાણ કરવાની રહેશે.

(૨) ઉક્ત પત્ર તા.૨૫/૦૬/૨૦૧૮ના રોજ મળેલ સિન્ડીકેટની સભામાં રજુ કરવામાં આવતા સિન્ડીકેટ દ્વારા ઠરાવ નં. ૩૯ થી નીચે પ્રમાણે ઠરાવ થયેલ છે.

ઠરાવ નં.૩૯ "સદરહુ બાબતની વિચારણા હાથ ધરવામાં આવતા કુલસચિવ દ્વારા સભાનું ધ્યાન દોરવામાં આવેલ હતું કે સંદર્ભીત બાબતે નામદાર હાઇકોર્ટની અવમાનનાનો કેસ થયેલ છે અને માન.રાજ્ય સરકારશ્રી દ્વારા ચુકવણું કરવા માટે હુકમ કરી તેનો અમલ કરી ૦૩ દિવસમાં જાણ કરવા જણાવેલ છે. જે અનુસાર ન કરવામાં આવે તો કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટનો પ્રશ્ન ઉપસ્થિત થશે.

સમગ્ર બાબતની ગંભીર અને ગહન વિચારણાના અંતે ઠરાવવામાં આવે છે કે સંદર્ભીત કર્મચારીઓની સેવાઓ નિયમિત કરવા અંગે અવારનવાર માન.રાજ્ય સરકારશ્રીને દરખાસ્ત કરવામાં આવેલ જે પરત્વે માન.રાજ્ય સરકારશ્રી દ્વારા કઈ માન્ય જગ્યાઓ સામે સમાવેશ થઇ શકે તેમ છે ? તેવી પૃચ્છા કરવામાં આવતા તેની (વર્ગ-૪ની) માહિતી મોકલવામાં આવેલી હતી, પરંતુ તે અન્વયે કોઈ મંજુરી મળેલ ન હતી અને તે જગ્યાઓ માન.રાજ્ય સરકારશ્રી દ્વારા રદ કરવામાં આવેલી છે. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની સંખ્યા, કોલેજોની સંખ્યા, ભવનોની સંખ્યા, વગેરે ધ્યાને લેતા યુનિવર્સિટીનું કાર્યભારણ અનેકગણું વધવા છતાં રાજ્ય સરકારશ્રી દ્વારા વખતોવખત અનેક જગ્યાઓ રદ કરવામાં આવેલ છે અને તે કારણોસર આઉટસોર્સિંગના માધ્યમથી પરીક્ષા ફંડમાંથી સેવાઓ લેવામાં આવે છે પરંતુ નિવૃતિના લાભો જેવા કે ગ્રેચ્યુઈટી, રજા પગાર તથા કાયમી ધોરણે પેન્શન ચૂકવવા માટે યુનિવર્સિટી પાસે કોઈ ફંડ ન હોય અને જે જમા ફંડ હોય તે નિશ્ચિત હેતુ માટે હોય તેમાંથી આવા લાભો ચૂકવી શકાય નહી અને યુનિવર્સિટી દ્વારા ક્યારેય યુનિવર્સિટી સ્વભંડોળમાંથી ચુકવવામાં આવેલ પણ નથી અને યુનિવર્સિટી આ આર્થિક ભારણ સ્વીકારી શકે તેમ પણ ન હોઈ માન.રાજ્ય સરકારશ્રી દ્વારા જ ચુકવવામાં આવે તે માટે આગ્રહપૂર્વક અનુરોધ કરવો.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં યુનિવર્સિટીનો પક્ષ રજુ કરવા માટે સિનીયર એડવોકેટશ્રીની સેવાઓ લેવી."

(૩) સિન્ડીકેટના ઉપર્યુકત ઠરાવના સંદર્ભે યુનિવર્સિટી કાર્યાલયના તા.૦૪/૦૭/૨૦૧૮ના પત્ર નં.મહેકમ/બ/૨/૨૭૫/૨૦૧૮ થી સરકારશ્રીના શિક્ષણ વિભાગ/ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગાંધીનગરને જરૂરી મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી.

(૪) સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૧૨/૦૭/૨૦૧૮ના પત્ર નં.સરચ/૨૩૧૭/૧૪૪/ખ-૨ થી જણાવવામાં આવેલ હતું કે નામદાર હાઇકોર્ટના ચુકાદાનું પાલન ન થવાથી Misc Civil Application No.3065 of

2017 દાખલ થયેલ છે. આ કામે અગ્રસચિવશ્રી (ઉ. અને ટે.શિ)ની અધ્યક્ષતામાં તા.૧૭/૦૭/૨૦૧૮ના રોજ ૧૫-૦૦ કલાકે બેઠકનું આયોજન થયેલ છે તેમાં જરૂરી વિગતો સાથે ઉપસ્થિત રહેવા આ યુનિવર્સિટીના કુલસચિવશ્રીને જણાવવામાં આવેલ હતું.

ઉક્ત બેઠકમાં આ કેસ સબંધિત કર્મચારીઓની સંપૂર્ણ વિગતો અને માહિતી રજુ કરવામાં આવેલ હતી.

ઉપર્યુક્ત બેઠકના સંદર્ભે સરકારશ્રીના શિક્ષણ વિભાગ તરફથી તા.૧૭/૦૭/૨૦૧૮નો પત્ર નં.સરચ/૨૩૧૭/૧૪૪/ખ-૨ આવેલ છે. જેમાં જણાવવામાં આવેલ છે કે "બેઠકમાં થયેલ ચર્ચા અન્વયે નામદાર હાઇકોર્ટના તા.૧૨/૦૭/૨૦૧૭ના ચુકાદા અન્વયે શ્રી દાનેવારીયા તથા અન્યને દિન-૩માં ચુકવણું કરી નામદાર કોર્ટમાં દાખલ થયેલ કન્ટેમ્પ્ટ પીટીશન સંદર્ભે જવાબ ફાઈલ કરવા આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે તથા કરેલ કાર્યવાહી અંગેની જાણ અત્રે કરવા વિનંતી છે."

(૫) નામદાર ગુજરાત હાઇકોર્ટનો ચુકાદો નીચેના સાત કર્મચારીઓને લાગુ પડે છે.

| ક્રમ | નામ | હોદ્દો | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | શ્રી એમ.બી.ભટ્ટી | હેલ્પર | |
| ૨ | શ્રી એચ.જે.નંદાણીયા | હેલ્પર | |
| ૩ | શ્રી જે.સી.મકવાણા | હેલ્પર | શ્રી મકવાણાને ઉંમરના ૬૦ વર્ષ પૂર્ણ થતા તા.૧૧/૦૪/૨૦૧૭ના રોજ છુટા કરવામાં આવેલ છે. |
| ૪ | શ્રી કે.જી.પાનસોરા | હેલ્પર | |
| ૫ | શ્રી જે.એમ.જોષી | હેલ્પર | |
| ૬ | શ્રી ડી.આર.દાનેવારીયા | માળી | |
| ૭ | શ્રી એસ.એમ.રાઠોડ | માળી | |

ઉપર્યુક્ત કર્મચારીઓ પૈકી ક્રમ-૩ માં દર્શાવેલ શ્રી જે.સી.મકવાણા (હેલ્પર)ને ઉંમરના ૬૦ વર્ષ પૂર્ણ થતા તા.૧૧/૦૪/૨૦૧૭ના રોજ છુટા કરવામાં આવેલ છે. બાકીના ઉપરોક્ત ૬ કર્મચારીઓ હાલ નોકરીમાં ચાલુ છે તેથી હાલ શ્રી જે.સી.મકવાણાને એકને ચુકવણું કરવાનું થાય.

(૬) ઉપર્યુક્ત ૭ કર્મચારીઓ પૈકી હેલ્પરની જગ્યા પરના નીચેના ૫ કર્મચારીઓને તત્કાલીન માન.કુલપતિશ્રીના આદેશ અનુસાર પગારબાંધણી માન્ય થવાની શરતે પ્રથમ ઉચ્ચતર પગારધોરણનો લાભ આપવામાં આવેલ છે. સબંધિત

કર્મચારીઓની આ સંદર્ભે બાંહેધરી લીધેલ છે. આ બાંહેધરીથી પગારમાંથી તથા ગ્રેચ્યુઈટીમાંથી વસુલાત કરી શકાય.

| | | | |
|---|---|---|---|
| ૧) | શ્રી એમ.બી.ભટ્ટી | ૨) | શ્રી એચ.જે.નંદાણીયા |
| ૩) | શ્રી જે.સી.મકવાણા | ૪) | શ્રી કે.જી.પાનસોરા |
| ૫) | શ્રી જે.એમ.જોષી | | |

ઉક્ત પાંચ હેલ્પરની ઉચ્ચતર પગારધોરણ સહિતની પગારબાંધણી અત્રેની સ્થાનિક ભંડોળ હિસાબની કચેરીને માન્ય કરવા માટે કેસ મોકલવામાં આવેલ હતા, પરંતુ ઉક્ત જગ્યાઓ સરકારશ્રીએ સેટઅપમાં મંજુર કરેલ ન હોવાથી તેઓના કેસ પરત આવેલ હતા.

(૭) ઉપર્યુક્ત તમામ કર્મચારીઓને તા.૦૧/૦૧/૧૯૯૬ થી અમલમાં આવેલ પાંચમાં પગારપંચના પગારધોરણ તથા તા.૦૧/૦૧/૨૦૦૬ થી અમલમાં આવેલ છઠા પગારપંચના પગારધોરણનો પણ બાંહેધરી લઈને લાભ આપવામાં આવેલ છે.

(૮) સદરહું બાબતની અમલવારી સંદર્ભમાં એડવોકેટશ્રી યોગેશભાઈ રાજ્યગુરુનો લીગલ અભિપ્રાય મંગાવેલ છે. જે સભા સમયે રજૂ કરવામાં આવશે.

**આથી ઠરાવવામાં આવે છે કે તા.૨૫/૦૬/૨૦૧૮નાં સિન્ડિકેટની સભાના ઠરાવ ક્રમાંક ૩૯ અનુસાર સંદર્ભીત કર્મચારીઓની સેવાઓ નિયમિત કરવા અંગે અવારનવાર માન.રાજ્ય સરકારશ્રીને દરખાસ્ત કરવામાં આવેલ જે પરત્વે માન.રાજ્ય સરકારશ્રી દ્વારા કઈ માન્ય જગ્યાઓ સામે સમાવેશ થઇ શકે તેમ છે ? તેવી પૃચ્છા કરવામાં આવતા તેની (વર્ગ-૪ની) માહિતી મોકલવામાં આવેલી હતી, પરંતુ તે અન્વયે કોઈ મંજુરી મળેલ ન હતી અને તે જગ્યાઓ માન.રાજ્ય સરકારશ્રી દ્વારા રદ કરવામાં આવેલી છે. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની સંખ્યા, કોલેજોની સંખ્યા, ભવનોની સંખ્યા, વગેરે ધ્યાને લેતા યુનિવર્સિટીનું કાર્યભારણ અનેકગણું વધવા છતાં રાજ્ય સરકારશ્રી દ્વારા વખતોવખત અનેક જગ્યાઓ રદ કરવામાં આવેલ છે અને તે કારણોસર આઉટસોર્સિંગના માધ્યમથી પરીક્ષા ફંડમાંથી સેવાઓ લેવામાં આવે છે પરંતુ નિવૃતિના લાભો જેવા કે ગ્રેચ્યુઈટી, રજા પગાર તથા કાયમી ધોરણે પેન્શન ચૂકવવા માટે યુનિવર્સિટી પાસે કોઈ ફંડ ન હોય અને જે જમા ફંડ હોય તે નિશ્ચિત હેતુ માટે હોય તેમાંથી આવા લાભો ચૂકવી શકાય નહી અને યુનિવર્સિટી દ્વારા ક્યારેય યુનિવર્સિટી સ્વભંડોળમાંથી ચુકવવામાં આવેલ પણ નથી અને યુનિવર્સિટી આ આર્થિક ભારણ સ્વીકારી શકે તેમ પણ ન હોઈ માન.રાજ્ય સરકારશ્રી દ્વારા જ ચુકવવામાં આવે તે માટે આગ્રહપૂર્વક અનુરોધ કરવો અને તે ઠરાવ પરત્વે માન.રાજ્યસરકારશ્રીએ પણ આ ચુકવણાની ના કરી છે તો આ બાબતનો ન્યાયિક રસ્તો શું હોઈ શકે તે બાબતે માન.રાજ્યસરકારશ્રી સાથે પરામર્શ કરવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે કન્ટેમ્પ્ટ પીટીશનનો જવાબ રજૂ કરવા માટે સિનિયર કાઉન્સિલરને રોકવા અને તેમના દ્વારા યુનિવર્સિટીનો પક્ષ રજૂ કરવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતે સુપ્રીમ કોર્ટમાં જઈ શકાય કે કેમ ? તેની તપાસ કરવી અને શક્યતાઓ ધ્યાને લઈ તે અનુસાર નિર્ણય કરવો.**

**(નોંધ : એડવોકેટશ્રી યોગેશભાઈ રાજ્યગુરુનો લીગલ અભિપ્રાય સભા સમયે રજૂ કરવામાં આવેલ.)**

૧૪ મહેકમ-અ યુનિવર્સિટીના બિઝનેસ મેનેજમેન્ટ અનુસ્નાતક ભવનમાં સ્વ-નિર્ભર કોર્ષમાં ૧૧ માસ આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા ભરવા માટે તા.૨૧/૦૭/૨૦૧૮ ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ પરત્વે વિચારણા થવા બાબત.

(નોંધ:- સિન્ડીકેટની તા.૨૫/૦૬/૨૦૧૮ ની સભામાં ઠરાવ ક્રમાંક ૦૬ થી થયેલ ઠરાવ મુજબ કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસરનો ૧૧ માસનો કરાર પુરો થતા સીધો જ ન લંબાવતા જાહેરાત આપી ઇન્ટરવ્યુ પ્રક્રિયા કરવાની રહે છે. જે નીચે મુજબ બિઝનેસ મેનેજમેન્ટ અનુસ્નાતક ભવનમાં ૦૨ કરાર આધારિત આસી.પ્રોફેસરની જગ્યા ભરવા માટે વર્તમાનપત્રમાં તા.૧૭/૦૭/૨૦૧૮ ના રોજ જાહેરાત આપેલ તથા તા.૨૧/૦૭/૨૦૧૮ ના રોજ વરણી સમિતિ મળેલ જેથી ભલામણ મંજુર કરવાની રહે છે. વરણી સમિતિની ભલામણ સભા સમયે રજુ કરવામાં આવશે.)

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના બિઝનેસ મેનેજમેન્ટ અનુસ્નાતક ભવનમાં સ્વ-નિર્ભર કોર્ષમાં ૧૧ માસ આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા ભરવા માટે તા.૨૧/૦૭/૨૦૧૮ ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ મંજુર કરવી.**

**(નોંધ : વરણી સમિતિની ભલામણ સભા સમયે રજુ કરવામાં આવેલ.)**

૧૫ મહેકમ-અ યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર અનુસ્નાતક ભવનમાં ૧૧ માસ કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા ભરવા માટે તા.૨૦/૦૭/૨૦૧૮ ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ પરત્વે વિચારણા થવા બાબત.

(નોંધ:- સિન્ડીકેટની તા.૨૫/૦૬/૨૦૧૮ ની સભામાં ઠરાવ ક્રમાંક ૦૬ થી થયેલ ઠરાવ મુજબ કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસરનો ૧૧ માસનો કરાર પુરો થતા સીધો જ ન લંબાવતા જાહેરાત આપી ઇન્ટરવ્યુ પ્રક્રિયા કરવાની રહે છે. જે મુજબ ભૌતિકશાસ્ત્ર અનુસ્નાતક ભવનમાં કરાર આધારિત આસી.પ્રોફેસરની જગ્યા ભરવા માટે વર્તમાનપત્રમાં તા.૦૯/૦૭/૨૦૧૮ ના રોજ જાહેરાત આપેલ તથા તા.૨૦/૦૭/૨૦૧૮ ના રોજ વરણી સમિતિ મળેલ જેની ભલામણ મંજુર કરવાની રહે છે. વરણી સમિતિની ભલામણ સભા સમયે રજુ કરવામાં આવશે.)

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર અનુસ્નાતક ભવનમાં ૧૧ માસ કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા ભરવા માટે તા.૨૦/૦૭/૨૦૧૮ ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ મંજુર કરવી.**

**(નોંધ : વરણી સમિતિની ભલામણ સભા સમયે રજુ કરવામાં આવેલ.)**

૧૬ જોડાણ સરકારશ્રીનાં શિક્ષણ વિભાગના તા.૧૬-૫-૨૦૧૮નાં પત્રક્રમાંક : ચજન-૧૦૨૦૦૧-૨૮-પાર્ટ-૧-ખ-૧ થી અત્રેની યુનિવર્સિટીને નીચે મુજબની વિગતે કાર્યવાહી થવા જણાવવામાં આવેલ છે.

(૧) યુનિવર્સિટીનાં એક્ત, સ્ટેચ્યુટ, ઓર્ડીનન્સ મુજબ સ્થાનિક તપાસ સમિતીની રચના કરવામાં આવે છે જેમાં નિયુક્ત સભ્યો પૈકી અડધા સભ્યો જ મુલાકાત લેતા હોય છે અને બાકીનાં સભ્યો મુલાકાત લેતા નથી તેઓ નાં રીમાર્કસ અહેવાલમાં હોતા નથી.

(૨) સ્થાનિક તપાસ સમિતી જ્યારે જે તે સંસ્થાની મુલાકાત લે ત્યારે તે સંસ્થાની વિગતોની પુરતી ચકાસણી કરી મહતમ સભ્યો શક્ય હોય તો તમામ સભ્યો તેઓના મંતવ્યો સાથેનો અહેવાલ રાજ્ય સરકારને રજૂ કરે તે જરૂરી હોવાથી તે મુજબની આનુસાંગિક સૂચનાઓ યુનિવર્સિટી કક્ષાએ થી બહાર પાડવાની થાય છે.

**આથી ઠરાવવામાં આવે છે કે કામકાજ ક્રમાંક ૧૦ અને કામકાજ ક્રમાંક ૧૬ બંને સરખા હોય તેથી કામકાજ ક્રમાંક ૧૬ રદ્દ કરવી.**

**(નોંધ: ઉપરોકત બાબત પરિશિષ્ટ "૦૬" તરીકે આ સાથે સામેલ છે)**

૧૭ જોડાણ આચાર્યશ્રી, શિવશક્તિ આશિસ ટ્રસ્ટ સુરેન્દ્રનગર સંચાલિત- શ્રી પંડિત નાથુલાલ વ્યાસ કોલેજ ઓફ સાયન્સ મેનેજમેન્ટ આઈ.ટી. એન્ડ કોમર્સ, વઢવાણ, જી.સુરેન્દ્રનગર તરફથી જુન ૨૦૧૭ થી નીચેની વિગતે કોલેજના તા.૧૭-૦૧-૨૦૧૮નાં પત્ર થી ફીઝીયોથેરાપી અભ્યાસક્રમ બંધ કરવાની આવેલ અરજી તથા તે પરત્વેનાં સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ વિચારણા કરવા બાબત.

**જોડાણની વિગત**

તબીબી વિદ્યાશાખા- (વધારાનું જોડાણ)

બી. ફીઝીયોથેરાપીનાં અભ્યાસક્રમ

નોંધ: ૧. કોલેજનાં તા.૧૭-૦૧-૨૦૧૮ નાં પત્ર થી ફીઝીયોથેરાપી અભ્યાસક્રમ બંધ કરવાની આવેલ અરજી તથા તે પરત્વે સ્થાનિક તપાસ સમિતિની નિયુક્તિ કરવામાં આવેલ.

૨. સ્થાનિક તપાસ સમિતિનાં બે સભ્યશ્રીઓનો તા.૨૯/૬/૨૦૧૮નો અહેવાલ તા.૩૦/૬/૨૦૧૮ નાં રોજ અત્રે મળેલ છે. ઉક્ત અભ્યાસક્રમનું જોડાણ બંધ કરવા અહેવાલમાં ભલામણ કરેલ છે.

૩. કોલેજમાં વર્ષ : ૨૦૧૬-૧૭માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ રીસફ્લીગ કરી અન્ય કોલેજમાં પ્રવેશ મેળવેલ છે અને વર્ષ :૨૦૧૭-૧૮ માં એકપણ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ નથી તેમ એલ.આઈ.સી એ જણાવેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે, કે આચાર્યશ્રી, શિવશક્તિ આશિસ ટ્રસ્ટ સુરેન્દ્રનગર સંચાલિત- શ્રી પંડિત નાથુલાલ વ્યાસ કોલેજ ઓફ સાયન્સ મેનેજમેન્ટ આઈ.ટી. એન્ડ કોમર્સ, વઢવાણ, જી.સુરેન્દ્રનગર તરફથી જુન ૨૦૧૭ થી ફીઝીયોથેરાપી અભ્યાસક્રમ બંધ કરવાની આવેલ અરજી તથા તે પરત્વેનાં સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ જુન ૨૦૧૭ થી ફીઝીયોથેરાપી અભ્યાસક્રમ બંધ કરવા રાજ્ય સરકારશ્રી ને ભલામણ કરવી.**

**(નોંધ: ઉપરોકત બાબત પરિશિષ્ટ "૦૭" તરીકે આ સાથે સામેલ છે)**

૧૮ પી.જી.ટી. આર. હરીવંદના કોલેજ ખાતે ચાલતા એમ.એસસી. (કેમેસ્ટ્રી) માં શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ માં ઇન્ટેક ઉપરાંત વધારાની ૧૦ સીટ વધારાની માગણી.

નોંધ: ૧. હરીવંદના કોલેજ, રાજકોટનો તા.૦૩-૦૭-૨૦૧૮ નો પત્ર સામેલ છે.કોલેજ તરફથી એમ.એસસી. (કેમેસ્ટ્રી) માં ઇન્ટેક ઉપરાંત વધારાની ૧૦ સીટની માંગણી કરવામાં આવેલ છે.

૨. પી.જી.ટી.આર. વિભાગ નો પરિપત્ર નં.૨૪૩૪/૨૦૧૪ તા. ૨૮-૦૮-૨૦૧૪ માં એમ.એસસી. નો ઉલ્લેખ નથી.

૩. તા.૦૫-૦૭-૨૦૧૮ ની નોંધમાં પ્રાપ્ત આદેશ અનુસાર હારીવંદનાં કોલેજને ઇન્ટેક સિવાય વધારાની ૧૦ સીટ મંજુરી આપવા સિન્ડિકેટ ને વિચારણાઅર્થે.

**આથી ઠરાવવામાં આવે છે કે હરીવંદનાં કોલેજને એમ.એસસી. (કેમેસ્ટ્રી) અભ્યાસક્રમમાં ઇન્ટેક સિવાય વધારાની ૧૦ સીટ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ માટે મંજુર કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે જે સંસ્થા/કોલેજ ઈન્ટેક સિવાયની વધારાની સીટની માંગણી કરે તેવા કિસ્સામાં એમ.એસસી. ની આઈ.ટી. બ્રાંચ સિવાય બધી બ્રાંચમાં**

**માળખાગત સુવિધાઓ ધ્યાને લઈ વધારાની ૧૦ સીટ મંજુર કરવા વિવેકાધીન નિર્ણય કરવા માન.કુલપતિશ્રીને સત્તા આપવી.**

**(નોંધ: ઉપરોકત બાબત પરિશિષ્ટ "૦૮" તરીકે આ સાથે સામેલ છે)**

૧૯ પરીક્ષા-૪ પરીક્ષા વિભાગ-૪ ની તા.૦૯-૦૭-૨૦૧૫ ની કુલપતિશ્રી દ્વારા મંજુર થયેલ નોંધમાં નીચેની વિગત મંજુર થયેલ.

**"૨૦ માર્ક કરતા વધારે માર્કસ હોય તો ફરીથી રી-એસેસમેન્ટ કરાવીએ અને બે વખત થયેલા રી-એસેસમેન્ટના એવરેજ ગુણ લઈ તે અનુસાર પરિણામ જાહેર કરીએ."**

ત્યાર બાદ તા.૧૦-૦૭-૨૦૧૮ ની નોંધમાં નીચેની બાબત સિન્ડીકેટ માં વિચારણા અર્થે મુકવા જણાવેલ છે.

**"હાલ ૨૦ માર્ક કરતા વધારેવાળો નિયમ રાખીએ."**

**આ બાબત વિચારણા અર્થે રજૂ.**

**આથી ઠરાવવામાં આવે છે કે જો ૨૦% કરતા વધારે માર્ક્સ વધતા હોય તો ફરીથી રી-એસેસમેન્ટ કરાવવું અને તે પૈકીનાં જે બે નજીકના ગુણ હોય તેનાં એવરેજ ગુણ લઈ નિયમાનુસારની આગળની કાર્યવાહી કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબત આગામી તા.૦૯/૦૮/૨૦૧૮ ને ગુરૂવારના રોજ બપોરે ૦૩ વાગ્યે યોજાનાર મીટીંગમાં રજૂ કરવી.**

૨૦ પરીક્ષા-૪ સી.યુ.શાહ મેડીકલ કોલેજ ,સુરેન્દ્રનગરનાં કર્મચારી-વિદ્યાર્થીનો માર્ક સુધારવા અંગેનો વિડીયો વાયરલ થયેલ. તે અનુસંધાને યુનિવર્સિટી દ્વારા તપાસ કમિટીની રચના કરવામાં આવેલ **(ધ્વજ-A)**

કમિટીની તા.૧૪/૦૬/૨૦૧૮ ની બીજી મીટીંગની કાર્યવાહી નોંધ **(ધ્વજ-B)** માં જણાવેલ છે કે,

(૧) યુનિવર્સિટી દ્વારા કર્મચારી નિમેષ મકવાણાનાં જાન્યુઆરી-૨૦૧૮ થી મે-૨૦૧૮ સુધીનાં મોબાઈલ કોલડીટેઈલ સુરેન્દ્રનગર પોલીસ પાસેથી મેળવવા.

(૨) યુનિવર્સિટી દ્વારા **D.O.** પત્ર પાઠવીને વિડીયોની ચકાસણી ફોરેન્સિક યુનિવર્સિટીમાં કરાવવી.

લીગલ વિભાગનો પ્રત્યુતર **(ધ્વજ-C)** પ્રાપ્ત થયેલ છે. તેમણે કમિટીની ભલામણોમાં માન.કુલપતિશ્રીએ આપેલ આદેશો તેમજ ઉપરોક્ત ક્રમ **(1)**, **(2)** ની માન.કુલપતિશ્રી એ મંજુર કરેલ આદેશની નકલ માંગેલ છે.

ઉપરોક્ત ક્રમ **(1)** અને **(2)** ની કાર્યવાહી કરવા માટે લીગલ વિભાગને જણાવવાનું રહે.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતનો કમિટિનો રીપોર્ટ ટૂંક સમયમાં રજૂ કરવા કમિટિને જાણ કરવી.**

૨૧ પરીક્ષા-૨

યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી જુદી જુદી પરીક્ષાઓની લખાયેલ ઉત્તરવહીઓ નું મધ્યસ્થ મૂલ્યાંકન કરવામાં આવે છે. ૪૭-એ દ્વારા તથા બોર્ડ પેનલમાંથી પ્રાધ્યાપકોને પરીક્ષક તરીકેનાં ઓર્ડર મોકલવામાં આવે છે. પરંતુ અનુભવે જાણવા મળેલ છે કે પરીક્ષકોને ઓર્ડર મોકલ્યા બાદ ઘણી પરીક્ષામાં ૩૦ થી ૪૦% પરીક્ષકો જ પરીક્ષણ માટે હાજર રહે છે આથી પરીક્ષણ કાર્યમાં વિલંબ થાય છે. અને સમયસર પરિણામ જાહેર કરી શકાતા નથી.

આગામી ઓકટોબર/નવેમ્બર-૨૦૧૮ ની પરીક્ષાથી વિદ્યાશાખા પ્રમાણે સેમેસ્ટર-૫ અને સેમેસ્ટર-૬ માં તથા કાઉન્સિલીંગવાળા તમામ અભ્યાસક્રમોમાં મોડરેશન સીસ્ટમ દાખલ કરવા માટે પરીક્ષા રિફોર્મ્સ કમીટીની ભલામણ સ્વીકારવામાં આવેલ છે. આથી નિયુક્ત બધા જ પરીક્ષકો પરીક્ષણ તથા મોડરેશન માટે હાજર રહે તે પણ આવશ્યક રહેશે.

જે પરીક્ષકો ઓર્ડર મોકલ્યા છતા પરીક્ષણ કાર્ય માટે હાજર ન રહે તેની સામે ક્યાં શિક્ષાત્મક પગલાં લેવા તેનાં ઉપર વિચારણા કરવા અંગે.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબત આગામી તા.૦૯/૦૮/૨૦૧૮ ને ગુરૂવારના રોજ બપોરે ૦૩ વાગ્યે યોજાનાર મીટીંગમાં રજૂ કરવી.**

૨૨ NAD Agreement ange અંગે

પરીક્ષા કોમ્પ્યુટર

કેન્દ્ર સરકાર નાં NAD (National Academic Depository) કે જે, CDSL અને NSDL દ્વારા સંચાલિત છે. તેમની સાથે એગ્રીમેન્ટ કરવાના થાય છે. બન્ને કમ્પની ની સાથે એગ્રીમેન્ટ કરાવા નાં આદેશ મળેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે કેન્દ્ર સરકારનાં NAD (National Academic Depository) કે જે, CDSL અને NSDL દ્વારા સંચાલિત છે તેમની સાથે એગ્રીમેન્ટ કરવા.**

**(નોંધ: ઉપરોકત બાબત પરિશિષ્ટ "૦૯" તરીકે આ સાથે સામેલ છે)**

૨૩ પરીક્ષા આગામી પરીક્ષાઓનું સુપેરે આયોજન કરી શકાય તે અંગે વિચારણા કરી ભલામણ કરવા નિયુક્ત પરીક્ષા રીફોર્મ્સ કમીટીની તા.૨૮/૦૬/૨૦૧૮ની સભા દ્વારા થયેલ ભલામણો માનનીય કુલપતિશ્રીએ મંજુર કર્યાની બાબત જાણ માટે.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબત આગામી તા.૦૯/૦૮/૨૦૧૮ ને ગુરૂવારના રોજ બપોરે ૦૩ વાગ્યે યોજાનાર મીટીંગમાં રજૂ કરવી.**

**(નોંધ: ઉપરોકત બાબત પરિશિષ્ટ "૧૦" તરીકે આ સાથે સામેલ છે)**

૨૪ પરીક્ષા-૧ યુનિવર્સિટીની જુદી-જુદી પરીક્ષાના ફોર્મ કોલેજ દ્વારા Online ભરવામાં આવે છે જી.આઇ.પી.એલ દ્વારા સોફટવેરમાં જે પ્રોગ્રામ ચાલે છે તેના અભ્યાસક્રમમાં કેટલો સમયગાળો નાખવો તે નક્કી કરવા માટે કમીટી બનાવેલ. ઉકત કમીટીની મીટીંગ તા. ૨૭-૦૭-૨૦૧૮ ના રોજ મળેલ અને તેમાં એકેડેમિક કાઉન્સિલની તા. ૦૨-૦૭-૨૦૧૬ અને સિન્ડિકેટ તા. ૧૫-૦૭-૨૦૧૬ ની સભાથી મંજુર કરેલ O.Gen 1 to 26 ને ધ્યાને લઇ ચર્ચાઓ કરવામાં આવેલ.

(૧) અભ્યાસક્રમનો સમયગાળો નીચે દર્શાવ્યા મુજબ નક્કી કરવામાં આવેલ

| SR NO | MINIMUM NUM OF COURS'S YEAR (N) | ACADEMIC YEAR (<2010) BEFOR 2010 | ACADEMIC YEAR (2010 -11 TO 2015-16) | ACADEMIC YEAR (2016-17 TO ONWARD) |
|---|---|---|---|---|
| 1 | 1 - YEAR COURSE | NOT ELEGIBAL | N + 6 (1 + 6 = 7 Yrs) | N + 3 (1 + 3 = 4 Yrs) |
| 2 | 1.25 - YEARS COURSE | NOT ELEGIBAL | N + 6 (1.25 + 6 = 7.25 Yrs) | N + 3 (1.25 + 3 = 4.25 Yrs) |
| 3 | 1.5 - YEARS COURSE | NOT ELEGIBAL | N + 6 (1 .5 + 6 = 7.5 Yrs) | N + 3 (1.5 + 3 = 4.5 Yrs) |
| 4 | 2 - YEARS COURSE | NOT ELEGIBAL | N + 6 (2 + 6 = 8 Yrs) | N + 3 (2 + 3 = 5 Yrs) |
| 5 | 2.5 - YEARS COURSE | NOT ELEGIBAL | N + 6 (2.5 + 6 = 8.5 Yrs) | N + 3 (2.5 + 3 = 5.5 Yrs) |
| 6 | 3 - YEARS COURSE | NOT ELEGIBAL | N + 6 ( 3 + 6 = 9 Yrs) | N + 3 (3 + 3 = 6 Yrs) |
| 7 | 4 - YEARS COURSE | NOT ELEGIBAL | N + 6 (4 + 6 = 10 Yrs) | N + 3 (4 + 3 = 7 Yrs) |
| 8 | 5 - YEARS COURSE | NOT ELEGIBAL | N + 6 (5 + 6 = 11 Yrs) | N + 3 (5 + 3 = 8 Yrs) |
| 9 | 5.5 - YEARS COURSE | NOT ELEGIBAL | N + 6 (5.5 + 6 =11.5 Yrs) | N + 3 (5.5 + 3 = 8.5 Yrs) |

(૨) અભ્યાસક્રમ બદલાય ત્યારે (જુના અભ્યાસક્રમ) ડ્રોપ આઇટ થયેલ વિધાર્થીઓ અમલમા હોય તે નવા અભ્યાસક્રમમાં જોડાઇ શકે અને આવા વિધાર્થીઓના એનરોલમેન્ટ બદલાય નહી અને જે એનરોલમેન્ટ નંબર ફાળવેલ હોય તે અનુસાર આગળનો અભ્યાસ કરી શકે તેવી જોગવાય સોફટવેરમાં કરવી.

ઉપરોકત કમીટીમાં નક્કી થયા અનુસાર કાર્યવાહી કરવા ચર્ચા-વિચારણા કરવા અંગે


**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબત આગામી તા.૦૯/૦૮/૨૦૧૮ ને ગુરૂવારના રોજ બપોરે ૦૩ વાગ્યે યોજાનાર મીટીંગમાં રજૂ કરવી.**

૨૫ આઈ.ક્યુ.એ .સી. આગામી વર્ષ-૨૦૧૯માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં નેક કમિટિ આવનાર હોય તે સંદર્ભે આયોજન અને વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે સદરહું બાબતે આઈ.ક્યુ.એ.સી. દ્વારા વિસ્તૃત આયોજન વિચારી સવિસ્તાર અહેવાલ રજૂ કરવો.**

**અંતમાં અધ્યક્ષશ્રીનો આભારમાની સભાનું કામકાજ પૂર્ણ જાહેર કરવામાં આવ્યું.**

નં.સિન્ડિકેટ/૩૩/૨૦૧૮
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫
તા.૦૮/૦૮/૨૦૧૮




પ્રતિ,

સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ તરફ...

નકલ રવાના::--

૧. માન.કુલપતિશ્રી/માન.કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.
૨. એકેડેમિક ઓફિસરશ્રી.
૩. પરીક્ષા નિયામકશ્રી.